# યુવાદિન નિમિત્તે રમતોત્સવ

કોલેજમાં પ્રાચીન અને અર્વાચીન રમતો દ્વારા યુવાદિન નિમિત્તે રમતોત્સવની ઉજવણી હર્ષભેર કરવામાં આવી હતી.

આ રમતોત્સવમાં વ્યાયાય-યોગ-ખેલકુલ ધારાના કન્વીનર પ્રા. સુભાષભાઈ વી. મકવાણા દ્વારા પ્રશિક્ષણાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. અધ્યક્ષશ્રી ડૉ. દિલિપભાઈ યુ. પટેલસાહેબે પ્રશિક્ષણાર્થીઓને વિવિધ રમતોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપ્યું હતું અને ખેલદિલી પૂર્વક રમતોમાં ભાગ લેવા માટે પ્રેરણા આપી હતી. પ્રશિક્ષણાર્થી બહેનો ભાઈઓ માટે સંગીત ખુરશી, લીંબુ ચમચી, કોથળા દોડ, લાંબી કૂદ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સંગીત ખુરશી સ્પર્ધામાં પ્રથમ ક્રમે જીગર ટંડેલ, દ્વિતીય ક્રમે ભરત બાંભણિયા, તૃતીય ક્રમે ધનેશ પરમાર વિજયી થયા હતાં. પ્રશિક્ષણાર્થી બહેનો માટેની સંગીત ખુરશી સ્પર્ધામાં પ્રથમ ક્રમે વંદના ભટ્ટ, દ્વિતીય ક્રમે નિતા ભોઈ, તૃતીય ક્રમે ડિમ્પલ પટેલ વિજયી થયાં હતાં.

પ્રશિક્ષણાર્થી ભાઈઓ માટેની લીંબુ ચમચી સ્પર્ધામાં પ્રથમ ક્રમે અંકિત ચાવડા, દ્વિતીય ક્રમે સચીન ચૌહાણ તથા તૃતીય ક્રમે પ્રતિક મકવાણા વિજયી થયાં હતાં. પ્રશિક્ષણાર્થી બહેનો માટેની લીંબુ ચમચી સ્પર્ધામાં પ્રથમ ક્રમે પૃથા પટેલ, દ્વિતીય ક્રમે જલ્પા ચૌહાણ અને તૃતીય ક્રમે અનિંદિતા મુખર્જી વિજયી થયાં હતાં.

પ્રશિક્ષણાર્થી ભાઈઓ માટેની કોથળા દોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભરત મકવાણા, દ્વિતીય ક્રમે રોનક પટેલ તથા તૃતીય ક્રમે અંકિત ચાવડા વિજયી થયાં હતા. પ્રશિક્ષણાર્થી બહેનો માટેની કોથળા દોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અંજલિ વાઘેલા, દ્વિતીય ક્રમે જયશ્રી ડામોર અને તૃતીય ક્રમે તૈયબાબાનુ મલેક વિજયી થયાં હતાં. પ્રશિક્ષણાર્થી ભાઈઓ માટેની લાંબી કૂદ સ્પર્ધામાં પ્રથમ ક્રમે નિસાર મલેક, દ્વિતીય ક્રમે નિલેશ ઠાકોર અને તૃતીય ક્રમે જુનેદ સખીદાસ વિજયી થયાં હતાં. પ્રશિક્ષણાર્થી બહેનો માટેની લાંબી કૂદ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભૂમિકા રાઠોડ, દ્વિતીય ક્રમે અવની પ્રજાપતિ અને તૃતીય ક્રમે હરસિદ્ધિ પટેલ વિજયી થયાં હતાં.

પ્રથમ વર્ષના અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ વચ્ચે ક્રિકેટ મેચનું આયોજન કરાયું હતું. જેમાં વુમન ઓફ ધ મેચ અવનીબેન પ્રજાપતિ અને મેન ઓફ ધ મેચ ધવલ પરમાર ને એવોર્ડ અપાયાં હતાં.




સમગ્ર સમતોત્સવ સ્પર્ધાઓમાં ગ્લોબલ સ્પોર્ટ્સ ફેડરેશનના સેક્રેટરી જનરલ (GSF) અને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ભીખુભાઈ પટેલસાહેબ

ઉપસ્થિત રહ્યા હતાં. પ્રશિક્ષણાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. પ્રશિક્ષણાર્થી ભાઈઓમાં શ્રેષ્ઠ સ્પર્ધક વિજેતા તરીકે અંકિત ચાવડા અને પ્રશિક્ષણાર્થી બહેનામાં શ્રેષ્ઠ સ્પર્ધક વિજેતા તરીકે અવની પ્રજાપતી ઘોષિત થયાં હતાં. સાથે જ સ્પર્ધામાં પ્રથમ ક્રમે, દ્વિતીય ક્રમે તથા તૃતીય ક્રમે વિજેતા થનાર પ્રશિક્ષણાર્થીઓને સુવર્ણ ચંદ્રક, રજત ચંદ્રક અને કાંસ્ય ચંદ્રક વડે સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ સ્પર્ધામાં પ્રા. એલ.એસ. બલાત, ડૉ. યુ.એસ.શારડા, ડૉ. જે.એસ. મેકવાન, પ્રા. એસ.વી. મકવાણા, પ્રા. એચ.સી.શાહ તથા પ્રા. એન.બી. પરમારે તથા નોન ટિચિંગ સ્ટાફે ભુમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન વ્યાયામ-યોગ-ખેલકુદ ધારાના કન્વીનર પ્રા. સુભાષ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ ખેલકુદમંત્રી પ્રતીક મકવાણા દ્વારા કરવામાં આવી.